# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૪૯ તા.૨૮-૧ -૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- ‘મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે યોજાનાર ચિત્ર સ્પર્ધા બાબત.

સંદર્ભ :- ૧. સ્કૂલ બોર્ડ પરિપત્ર નં.૧૪૮ તા.૨૩-૧-૧૫

૨. જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગરનો પત્ર ક્રમાંક : જીસીઈઆરટી/ચિત્ર સ્પર્ધા/ ૨૦૧૫/ ૧૮૪૬ - ૧૯૨૦ તા.૨૮-૧-૧૫

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, તા.૩૦-૧-૧૫ના રોજ યોજાનાર ચિત્ર સ્પર્ધા અંગે વિગતવાર માહિતી સ્કૂલ બોર્ડ પરિપત્ર નં.૧૪૮ તા.૨૩-૧-૧૫ થી આપવામાં આવેલ છે.

હવે સંદર્ભ-૨ના આ સાથે સામેલ પત્રનો અભ્યાસ કરી દરેક શાળાએ પત્રમાં સૂચવ્યા મુજબની કામગીરી કરવાની રહેશે. દરેક શાળાએ નમુના મુજબની લોગબુક નિભાવવાની રહેશે, આપેલ સૂચના મુજબ ૩૦ મીનીટનું વિડીયો રેકોર્ડિંગ કરવાનું રહેશે, બે વીટનેશની વ્યવસ્થા કરી નમુના મુજબનાં પત્રકમાં તેમની સહી કરાવવાની રહેશે, સદર પ્રવૃત્તિના ફોટોગ્રાફ પડાવવાના રહેશે, સ્પર્ધા પૂર્ણ થયેથી જે-તે વોર્ડનાં બે વ્યક્તિઓના વેરિફિકેશન લેટર મેળવવાના રહેશે.આ સાથે સામેલ નમુના મુજબનાં પત્રકો બનાવી ૩૦ મીનીટની વિડીયો રેકોર્ડીંગ અને ફોટોગ્રાફ સહિત તા.૩૦-૧-૧૫નાં રોજ સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રીને બપોરના ૩-૦૦ વાગ્યા સુધી સુપ્રત કરી દેવાના રહેશે, જેની નોંધ લેશો.

નોંધ :- સદર કાર્યક્રમ અંતર્ગતના વિડીયો રેકોર્ડીંગ માટે મુખ્ય શિક્ષકોએ સુનિશ્ચિત કરી લેવાનું રહેશે કે તેમની શાળાનું ૩૦ મીનીટનું રેકોર્ડીંગ શામાં કરવાનાં છો ? વિડીયો રેકોર્ડર, ૩૦ મીનીટ રેકોર્ડ કરી શકે તેવા મોબાઈલ અથવા હેન્ડીકેમ કે અન્ય વ્યવસ્થા મારફતે જે-તે શાળાના ૩૦ મીનીટનાં રેકોર્ડીંગને તા.૨૯-૧-૧૫ના રોજ ટ્રાયઆઉટ કરી લેવું જેથી એકપણ શાળાને આધાર આપવામાં મુશ્કેલી ન પડે.

તા.૨૮-૦૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ

સત્યમેવ જયતે

નિયામક

ક્રમાંક : જીસીઈઆરટી/ચિત્ર સ્પર્ધા/૨૦૧૫/૧૮૪૬-૧૯૨૦
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : ૨૮/૦૧/૨૦૧૫

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (તમામ)

શાસનાધિકારીશ્રી (તમામ)

ગુજરાત રાજ્ય

વિષય : મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે યોજાનાર રાજ્ય કક્ષાની ચિત્ર સ્પર્ધા બાબત..

સંદર્ભ : ૧) લીમ્કા બુક ઓફ રેકોર્ડસના ઇ-મેઇલથી મળેલ ગાઇડલાઇન...
૨) શિક્ષણ વિભાગનો તા. ૨૧/૦૧/૧૫નો પત્ર પીઆરઇ/૧૨૧૫/૨૧૦૨/ક

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભે અન્વયે જણાવવાનું કે, આગામી તા. ૩૦/૦૧/૧૫ના રોજ મહાત્મા ગાંધીજીના નિર્વાણ દિન નિમિત્તે રાજ્યની તમામ શાળાઓમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે જે સંદર્ભે શાળાકક્ષાથી રાજ્યકક્ષા સુધી સ્પર્ધાનું સુચારુ રીતે આયોજન થઇ શકે તેમજ લીમ્કા બુક ઓફ રેકોર્ડસમાં આ પ્રયત્નને સ્થાન મળી શકે તે માટે લીમ્કા બુક ઓફ રેકોર્ડસ દ્વારા આપવામાં આવેલ ગાઇડલાઇન અનુસાર નીચે મુજબની બાબતોને ધ્યાને લઇ જરૂરી આયોજન કરવા વિનંતી છે.

1. શાળા કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની લોગબુક નિભાવવી. લોગબુકમાં સ્પર્ધકોના નામ અને સંપર્ક નંબર નિભાવવા. (પ્રત્યેક શાળાદીઠ આ લોગબુક નિભાવવાની રહેશે. લોગબુકનો નમૂનો આ સાથે સામેલ છે.)
2. શાળા કક્ષાએ કુલ ૩૦ મિનિટનું વિડિયો રેકોર્ડીંગ કરવાનું રહેશે. (૧૦ મિનિટ શરૂઆતમાં, ૧૦ મિનિટ સ્પર્ધાના મધ્યે અને ૧૦ મિનિટ સ્પર્ધાના અંત ભાગમાં). જિલ્લા કક્ષાએ તમામ શાળાઓના વિડીયો મેળવી અત્રેની કચેરીમાં ડીવીડી બનાવી મોકલી આપવાની રહેશે.
3. દરેક શાળામાં સ્પર્ધા માટે બે વીટનેસની વ્યવસ્થા કરવાની રહેશે. જેનો સંબંધ શાળા કે સંસ્થા સાથે હોવો જોઇએ નહિ. બંને વીટનેસ દ્વારા શાળા દ્વારા નિભાવવામાં આવેલ લોગબુક પર સ્પર્ધા શરૂ થતા તેમજ સ્પર્ધાના અંતમાં સમય સાથે સહી કરવાની રહેશે તેમજ તેઓના મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડી નોંધવાના રહેશે.
4. ફોટોગ્રાફ્સ : શાળા મુજબ ફોટોગ્રાફ્સ મેળવી જિલ્લા કક્ષાએ ડીવીડી તૈયાર કરી અત્રે મોકલી આપવાની રહેશે.
5. સ્પર્ધા બાદ સમાચાર પત્રોના કટીંગ

6. જો ટેલીવીઝન કવરેજ લીધેલ હોય તો તેની સીડી
7. સ્પર્ધા યોગ્ય રીતે પૂર્ણ થયેલ છે તે મતલબના ગામના બે વ્યક્તિઓના વેરીફીકેશન લેટર મેળવી લેવાના રહેશે. વેરીફીકેશન માટેના લેટરનો નમૂનો આ સાથે સામેલ છે.
8. આપના જિલ્લાની તમામ શાળાઓના ઉપર ક્રમ-૭માં દર્શાવ્યા મુજબના વેરીફીકેશન લેટર એકત્રીત કરી આપના લેટર હેડના સહિત અત્રેની કચેરીને રૂબરૂ-હાથોહાથ મોકલી આપવા જણાવવામાં આવે છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇ સ્પર્ધાનું યોગ્ય રીતે આયોજન થાય અને શાળાકક્ષાથી લઇને માહિતી રાજ્ય કક્ષા સુધી યોગ્ય ફોરમેટમાં જ પહોંચે તે માટે યોગ્ય કાળજી લેવા વિનંતી છે.

**નોંધ પર મળેલ માન. અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ)ની સૂચના અનુસાર**

નિયામક
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણ : લોગબુક અને વેરીફીકેશન માટેના લેટરનો નમૂનો

નકલ સવિનય રવાના :

- માન. અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ), બ્લોક ૫/૭, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), બ્લોક ૫/૮, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. કમીશ્નર ઓફ સ્કૂલ, બ્લોક-૧૦/૨, જુના સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ., ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨/૧, જુના સચિવાલય, ગાંધીનગર

# શાળાએ નિભાવવાનો લોગબુકનો નમૂનો

શાળાનું નામ :

શાળાનો ડાયસ કોડ :

ગામનું નામ :

ક્લસ્ટર / ક્યુડીસી :

તાલુકો :

જિલ્લો :

## સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની યાદી

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | સંપર્ક નંબર | જાતિ (પુ/સ્ત્રી) |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

(જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હોય તે તમામ વિદ્યાર્થીની યાદી તૈયાર કરવી.)

## સ્પર્ધાના દિવસે ઉપસ્થિત રહેનાર વીટનેસની સહી

| | વીટનેસ-૧ | વીટનેસ-૨ |
|---|---|---|
| નામ | | |
| મોબાઇલ નંબર | | |
| ઇ-મેઇલ | | |
| સ્પર્ધાની શરૂઆતમાં સહી | | |
| સ્પર્ધા પૂર્ણ થાય ત્યારે સહી | | |

## શાળા કક્ષાએ વિજેતા થયેલ બાળકોની યાદી :

| શાળાનું નામ : | કક્ષા : ૧ થી ૫ / ૬ થી ૮ / ૯ અને ૧૦ / ૧૧ અને ૧૨ | |
|---|---|---|
| | નામ | ધોરણ |
| પ્રથમ | | |
| દ્વિતીય | | |
| તૃતીય | | |

# વેરીફીકેશન સર્ટીફીકેટનો નમૂનો

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ........................................................... શાળામાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલ "મહાત્મા ગાંધી અને સફાઇ" ચિત્ર સ્પર્ધામાં શાળાના કુલ .................. વિદ્યાર્થીઓ પૈકી .................. વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે. સ્પર્ધાનું આયોજન તા. ૩૦/૦૧/૨૦૧૫ના રોજ ૧૧:૧૫ કલાકથી ૧૨:૧૫ કલાક દરમ્યાન જ કરવામાં આવેલ છે. જેની ખાત્રી બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | વેરીફાયર – ૧ | વેરીફાયર – ૧ |
|---|---|---|
| નામ | | |
| મોબાઇલ નંબર | | |
| ઇ-મેઇલ | | |
| સહી | | |

શાળાનું નામ :

શાળાનો ડાયસ કોડ :

ગામનું નામ :

ક્લસ્ટર / ક્યુડીસી :

તાલુકો :

જિલ્લો :